# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## અમદાવાદના કેશવ પંડિત

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

વાત છે અમદાવાદની. નવા વાસમાં વિશાળ સભા ભરાઈ છે. સ્વામિનારાયણ ભગવાન બિરાજે છે. આગળ સંતો-હરિભક્તો બેઠા છે. એ સભામાં કોઈ પંડિતજી આવ્યા. આમ તો ચાર વેદમાં એ નિષ્ણાંત હતા પણ કેવળ પંડિત જ હતા. પંડિતનો અર્થ એ છે. "શાસ્ત્રમાં જેને બહુ જ દૃષ્ટિ પહોંચતી હોય એને પંડિત કહેવાય." એટલે કે પુસ્તકની લીટીએ લીટીઓ શ્લોકે શ્લોક મગજમાં ગોઠવાઈ ગયેલાં હોય એને પંડિત કહેવાય છે. આવા પંડિત સભામાં આવ્યા. સરસ કથા છે. આ પંડિતજી ખરેખર પંડિત હતા. પણ એની પંડિતાઈમાં ભક્તિ ભળેલી ન હતી. જ્ઞાનમાં જો ભક્તિ ભળે નહીં તો એ જ્ઞાન એકદમ શુષ્ક બની જાય. આ પુસ્તકના અમુક અધ્યાયમાં આમ લખ્યું છે. આ પુસ્તકના આટલા શ્લોકો આ પ્રમાણે છે. આ બધી મગજમાં માહિતી ભરેલી એની કોઈ કિંમત નથી. એવી માહિતી તો કોમ્પ્યુટરમાં બહુ ભરી હોય છે. કાંઈ એને ભક્ત થોડું કહેવાય. માણસનું મગજ કેવળ કોમ્પ્યુટર જેવું જો બની રહે તો એને એના જીવનનો એના જ્ઞાનનો કોઈ આનંદ હોય નહીં. મગજમાં ભાર ભરીને ફર્યા કરે. હું આટલું જાણું છું. હું આટલું સમજુ છું. આટલું મને મોઢે છે. પણ એમાં તમારા ફાયદામાં શું?

કોઈ પ્રાણીની પીઠ ઉપર માટીનો કોથળો ભરીને મુકો કે સાકરનો કોથળો ભરીને મુકો પણ એને શું ફાયદો ? સાકરનો ગાંગડો મોઢામાં નાખે એને એનો સ્વાદ આવે છે. બાકી પીઠ ઉપર ઉંચકીને ફરવાથી એ સાકરનો સ્વાદ આવતો નથી. એમ જ્ઞાનનાં પોથે-પોથાં પીઠ ઉપર ભરીને મગજ ઉપર ભરીને ફરે તેને પરમાત્માના સ્વરૂપનો ભક્તિનો કોઈ આનંદ નથી આવતો.

સ્વામિનારાયણ ભગવાન સાથે એવા એક પંડિતજી દિનાનાથ ભટ્ટ રહેતા હતા. એક દિવસે પ્રભુએ ભટ્ટજીને પૂછ્યું. ભટ્ટજી, ભાગવતના શ્લોક કેટલા ? અઢાર હજાર. પણ તમને મોઢે કેટલાં છે ? મહારાજ પુરે પુરાં તમે કહો એ અધ્યાયનો એ શ્લોક બોલી બતાવું. અઢાર હજાર શ્લોક મને મોઢે છે. ભટ્ટજી, એમાંથી તમારા કલ્યાણ માટે કેટલા નક્કી કરેલા છે ? મહારાજ એ તો નક્કી નથી કર્યું. બસ અઢાર હજાર મગજ માંહી ગોઠવી રાખ્યા પણ આખા ભાગવતમાંથી મારા મોક્ષ માટે આચરણમાં આ શ્લોક છે. એવો એણે વિચાર કરેલો નહીં. આવી જ વાત ભાગવતમાં પણ આવે છે. ઉદ્ધવજીએ પુષ્કળ જ્ઞાન મગજમાં ભરી રાખેલું. પણ જ્યારે ભગવાન શ્રીકૃષ્ણ પ્રભુને એમ થયું કે કાકાનું મસ્તક કેવળ કોમ્પ્યુટર જેવું છે. એમાં જરા ભક્તિ ઉમેરીએ તો અદ્‌ભુત કામ થાય. એટલે ઉદ્ધવજીને ગોપીઓ પાસે મોકલ્યાં. ગોપીઓની સાથે પંદર દિવસ રહ્યા ને એટલે મસ્તકમાં જ્ઞાનની સાથે ભક્તિનો ઉમેરો થયો અને ઉદ્ધવજી ભાગવત ભક્ત બની ગયા. કેવળ જ્ઞાન ભક્તિ વગરનું જ્ઞાન એ શુષ્ક જ્ઞાન છે.

આવા શુષ્કપંથી પંડિતજી સભામાં આવ્યા. એમનું નામ લખ્યું છે. કેશવ પંડિત. ચાર વેદનો ભણેલો કેશવ પંડિત એ સભામાં આવ્યો. એમની સાથે એમનો એક મિત્ર આવ્યો. લાલ આંખો કરીને આવ્યા. આજે નક્કી કરીને, જ્ઞાનનાં હથિયાર તૈયાર કરીને ઝગડવા જ આવ્યાં છે. લડવા જાય એટલે તરવાર તાજી કરે. ઘસી ભૂંસીને. એમ આ કેશવપંડિત અને એમનો મિત્ર. મિત્ર બહુ ભૂંડો હતો. ખૂબ ક્રોધ ભરીને આવેલો. લાલ ચોળ આંખો, જોરથી શ્વાસ લેતો હતો. જ્યારે ક્રોધ આવે ને ત્યારે ધબકારા વધી જાય છે. ધ્યાન રાખજો જ્યારે ગુસ્સે થાવ ત્યારે નાડી પકડી જો જો એકદમ ધબકારા વધે, શ્વાસ ઝડપથી ચાલવા માંડે. આ કેશવ પંડિતનો મિત્ર હતો એના માથે મોટી જટા હતી. દાઢી પણ ખરી । બંને સભામાં આવ્યા. બિલકુલ નમ્રતા નહીં. જાણે કાંઈક એમનું લૂંટાઈ જતું હોય ને પાછું વસુલ કરવા આવ્યા હોય એ રીતે ક્રોધ કરતા કરતા આવ્યા. સ્વામિનારાયણ ભગવાને તો પોતાના આસન ઉપર બિરાજ્યા હતા ત્યાં બેઠા બેઠા બંને ને જોઈ આવકાર આપ્યો. આવો આવો આગળ આવો. આગળ બેસાર્યા. થોડીવાર થઈ પ્રભુ કહે છે, બોલો પંડિતજી ક્યાં રહેવું ? અહીં જ રહીએ છીએ, અહીંના જ છીએ. ત્યાં તો એમનો મિત્ર. આ બધા ભેગા કર્યા છે. શું કરવાના. આમ ફાવે તેમ બોલવા માંડ્યો.

એટલે વહેલાલના જેસીંગભાઈ પટેલ ઉભા થઈ ગયા. ભાઈ શાંતિ રાખ. કંઈક વિવેક અને મર્યાદાથી વાત કર. એટલે જેસંગભાઈ સામે ગમે તેમ બોલવા માંડ્યો. સ્વામિનારાયણ ભગવાન હસતાં હસતાં જેસીંગભાઈને કહે છે બેસી જાઓ. બેસી જાવ. આમને ઝઘડો કરવો છે. આપણે ઝગડો કરવો નથી. અને છતાં પણ આપણે જીતી જવું છે. વગર ઝઘડો કર્યે જીતવું છે. એ કેમ બને ! આડોશી પાડોશી સાથે ક્યાંક તમારે ઝગડો થતો હોય ત્યારે તમને આવો વિચાર આવે ખરો કે આપણે ઝગડા વગર જીતવું છે? આ કામ કઠણ છે. ઝઘડો કરીને જીતવું હોય તો શું કરવું જોઈએ. કોઈ તમારી સામે બોલતો હોય તો એની સામે તમારે વોલ્યુમ વધારી દેવો. ઉંચા અવાજે માઈક ચાલુ કરી દેવું. એટલે એનો અવાજ જ સંભળાય નહીં. એટલે કાંતો ઝગડો કરીને ઝગડો જીતાય અથવા મૌનથી ઝગડો જીતાય. સળગતો કોલસો ખુલ્લી ધરતી ઉપર પડ્યો રહે એ ક્યાં સુધી સળગે ! ધીમે ધીમે રાખ થઈ જાય. એમ આપણે જો મૌન રાખીએ તો એનો ક્રોધ ક્યાં સુધી આગળ વધે. અગ્નિને આગળ વધવા ઘાસ, કચરો, લાકડું, કપડું વગેરે માધ્યમ જોઈએ. એ કંઈ ન મળે તો અગ્નિ આપો આપ શાંત થઈ જાય. આમ કહીને મહારાજે જેસીંગભાઈને બેસારી દીધા.

(ક્રમશઃ વધુ આવતા અંકે)

●

### પ્રકૃતિની સાચી પરખ

- નારાયણ બી. જાની (ગાંધીનગર)

એક બ્રાહ્મણને પુત્ર ન હતો. તેમણે મંત્ર-તંત્રાદિકમાં બહુ ધન વાપર્યું. પણ ઈચ્છિત પરિણામ આવ્યું નહી. તેની પાસે ધન-સંપત્તિ ખૂબ જ હતી. પણ પુત્ર વિના તે ઉદાસ રહેતો હતો. છેવટે મુંઝાઈને જંગલમાં મરવા માટે ચાલ્યો. ત્યાં કોઈ તપસ્વીનો ભેટો થયો. બ્રાહ્મણનું દુઃખ સાંભળીને તપસ્વીએ પુત્ર થવાનું વરદાન તો આપ્યું પણ તેમાં બીજી રીતે દુઃખનો સમાવેશ તો થતો જ હતો. તેમણે કહ્યું કે તારે પુત્રનું મુખ જોવું નહીં. તેમ કરવાથી પુત્રનું મૃત્યુ થઈ જશે. બ્રાહ્મણે વિચાર્યું કે પછી થઈ પડશે હાલ વરદાન તો સ્વીકારી લઉં.

વરદાન મેળવી બ્રાહ્મણ ઘેર આવ્યો. વખત જતાં તેને ઘેર પુત્રનો જન્મ થયો. એ વખતે ભવિષ્યવેતા જોશીજીએ પણ કહ્યું કે, ‘આખી જીંદગી આ પુત્રનું મુખ તમારે જોવું જ નહી, તમારી દૃષ્ટિ પડતાની સાથે મહા અનિષ્ઠ થશે. પછી બ્રાહ્મણે વિચાર કર્યો કે ઘરમાં રહેવું અને પુત્ર તરફ નજર સરખી પણ ન કરવી એ તો કેમ બને ? જો સંન્યાસી બની જાઉં તો પુત્ર વિયોગનું દુઃખ તો ઉભું જ રહે. પણ જો વંશ રાખવો હોય તો તેમ કર્યા સિવાય છુટકો જ નથી. પછી યાત્રાનું નિમિત્ત કરી ઘેરથી ચાલ્યો ગયો. થોડા મહિનાઓ તીર્થયાત્રા કર્યા બાદ બ્રાહ્મણે સન્યાસ લઈને દુરના કોઈ નગરની ભાગોળે મોટો આશ્રમ બંધાવીને તે ત્યાં રહ્યો.

વખત જતાં કંઈ વાર લાગતી નથી. આજકાલ કરતાં પુરાં પંદર વર્ષ વીતી ગયાં. બ્રાહ્મણનો પુત્ર હવે મોટો થઈ ગયો હતો. થોડી ઘણી વિદ્યા પણ મેળવી લીધી હતી. ઘણા દિવસથી તેને જે વાત મનમાં ખૂંચ્યા કરતી હતી તે વાત પોતાની માતાને કહી, “હે માતા ! ઘણા માણસો મારા પિતાની બાબતમાં વિવિધ વાતો કરે છે. તેમાં જે સત્ય હોય તે કહો. મારે મારા પિતાનાં દર્શન કરવા જવું છે. માતાએ પોતાના પુત્રને ઘણો સમજાવ્યો અને પોતે એ બાબતમાં અજ્ઞાત છે. એમ કહ્યું. છોકરાએ મક્કમ અવાજે કહ્યું કે જે પુત્રે પિતાના દર્શન કર્યા નથી તેનું જીવન નકામું છે. પિતાના દર્શન કરવાથી મારું મૃત્યું થશે એ મારે મન આનંદની વાત છે. મૃત્યનો મને ભય નથી માટે હું જઈને પિતાની શોધ કરીશ. પછી પોતાના કાકાને વાત કરીને તેમને સાથે લઈને સન્યાસી બની ગયેલા પોતાના પિતાની શોધ માટે ચાલ્યો.

કેટલાક મહિનાઓ સુધી બંને જણા ખૂબ જ ફર્યા. ઘણાં નગરો, તીર્થો, જંગલો જોયા પણ ક્યાંય તેના પિતા મળ્યા નહિ. એક વખત તેઓ સાંજના સમયે કોઈ નગરમાં પ્રવેશ કરે છે. ત્યાં તો દરવાણીએ અટકાવીને કહ્યું અત્યારે આ દેશમાં પ્લેગનો રોગ ચાલે છે. જેથી બહારગામથી આવેલાને અંદર પ્રવેશવાની સખ્ત મનાઈ છે. બંને જણા પાછા વળ્યા. અંધારુ થઈ ગયું હતું. વાઘ-વરૂઓના ભેંકાર અવાજ પાસેના જંગલમાંથી સંભળાતા હતા. હવે ક્યાં જવું શું કરવું તેની ચિંતા થવા લાગી. થોડે આગળ જતાં એક વિશાળ મકાન જોયું. તેથી તેમની ચિંતા ઓછી થઈ અને ત્યાં સૂઈ રહેવાની ઈચ્છાથી બારણું ખખડાવ્યું. બારણું અંદરથી બંધ હતું. થોડી વારે અવાજ આવ્યો કે ચાલ્યા જાઓ આ ધર્મશાળા નથી. આ તો સન્યાસીઓને રહેવાનો આશ્રમ છે. “અરે ઓ સ્વામીજી ! અમે દૂરથી આવીએ છીએ. શહેરમાં પેસવા દીધા નહી. બહાર તો હિંસક જાનવરોના અવાજ સંભળાય છે. આજની રાત પડી રહેવા દો. મહારાજ અમે બ્રાહ્મણ છીએ.” એવી રીતે ખૂબ જ

વિનંતી પૂર્વક કહ્યું પણ સન્યાસીનું હૃદય પીગળ્યું નહીં અને નિર્દયતા ભર્યા અવાજથી ચોખ્ખી ના સંભળાવી દીધી. બહાર ઉભેલા બંને જણાએ વિચાર્યું કે ચાલો દિવાલ કૂદીને અંદર જઈ એક બાજુ પડ્યા રહીશું. અપમાન કરશે તો સહન કરી લઈશું. પણ વાઘના ભયથી તો બચીશું. પછી આ વિચાર પ્રમાણે પ્રવેશ કર્યો. એ જોઈને સન્યાસી તો હાથમાં લાકડી લઈને, ''ભૂત જેવા, જંગલી, ક્યાંકથી ચેપ લઈને આવ્યા હશે ને આશ્રમમાં રોગ ફેલાવશે.'' ક્રોધ ભર્યા અવાજે ઉપર પ્રમાણે ગાળો ભાંડતો આવીને જ્યાં લાકડી મારવા જાય છે કે એ જ વખતે બ્રાહ્મણ પુત્રનું ત્યાં જ મૃત્યુ થઈ જાય છે. (પૂર્વના સંકેત પ્રમાણે) સન્યાસીએ છોકરાના શબને લાકડીના હડસેલા વડે પગની અડફેટે ચડાવીને દરવાજા બહાર ફેંકી દઈને તેના કાકાને ધક્કા મારી આશ્રમ બહાર કાઢી. બારણું બંધ કરીને સૂતો.

હવે બહાર એક બાજુ બેસીને છોકરાનો કાકો ઊંચે સાદે રડવા લાગ્યો. રડતાં રડતાં પોતાનું વતન તથા તે છોકરાની માનું નામ લઈને તથા તેના બાપાને (પૂર્વના નામથી) યાદ કરીને ખૂબ જ વિલાપ કરવા લાગ્યો. એ સાંભળીને સન્યાસીને થયું કે આ બધું મને જ મળતું આવે છે. કદાચ મારો જ પુત્ર તો નહીં હોય ? ઉતાવળો બહાર આવીને પૂછવાથી ખાતરી થઈ કે મારો પુત્ર છે. પછી તો પુત્રના શબને ભેટી બેફાટ રડવા લાગ્યો. પોતાનું માથું જમીન ઉપર અફાળી અફાળીને બેભાન બની ગયો.

આ દૃષ્ટાંત ઉપરથી જાણી શકાશે કે જે સન્યાસી ઘડી પહેલાં જેના ઉપર નિર્દયતા વાપરતો હતો. નિરાધાર માણસને થોડો આશ્રય આપવાની ઉદારતા પણ બતાવી શક્યો નહીં. તે આટલો બધો દયાદ્ર કેમ બની ગયો ? વાત સ્પષ્ટ છે કે પહેલાં એ છોકરો ''મારો'' છે એવી મતત્વ બુદ્ધિ ન હતી. પછી મમત્વ બુદ્ધિ થવાથી બહુ દુઃખ આવીને વળગ્યું. એ રીતે મમત્વ બધાં દુઃખનું કારણ બને છે. નાશવંત વસ્તુ પ્રત્યે દૃઢ મમતા હોય અને પછી સાચા સુખની ઈચ્છા રાખવી એ તો અંધારામાં સૂર્ય દર્શન કરવાની ઈચ્છા રાખવા બરાબર છે.

સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં માયાની વ્યાખ્યા સમજાવતાં કહ્યું કે, ''જીવને દેહ અને દેહના સંબંધીને વિષે અહં-મમત્વને કરાવનારી એવી માયા. એ જેને ભગવાનનો દૃઢ આશરો હોય તે સહેજે તરી જાય છે.''